## (૧) ટ્રેક નં. ૪ : પરમ પારિણામિકભાવ વિષે

✿ પંચમભાવ, ધ્રુવ, નિત્યભાવ, પરમપારિણામિકભાવની ધૂન હોવી જોઈએ. પણ આ ભાવ એટલે શું? તે સમજાવશે પૂજ્ય ગુરુદેવશ્રી.

✿ માંગલિક

✿ ભક્તિ : નિજ સ્વરૂપને છોડે નહીં, પરભાવ કંઈપણ નવ ગ્રહે,
જાણે જુએ જે સર્વ તે હું, એમ જ્ઞાની ચિંતવે..... એમ

✿ 'હું એક, સકલ, નિરાવરણ, અખંડ, એક, અવિનશ્વર પરમ પારિણામિકભાવ ઐસા જો લક્ષણ અપના ઐસા નિજ પરમાત્મદ્રવ્ય એ મૈં હૂં'. એસા જ્ઞાનમેં આના ચાહિયે.

✿ 'સકલ, નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ, પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે મૈં હૂં' એમ સમ્યક્દૃષ્ટિ અપનેકો ઐસા માનતે હૈ.

✿ તત્ત્વ છે-વસ્તુ છે-સહજ સ્વાભાવિક વસ્તુ છે. અહીં સહજ સ્વભાવી પારિણામિક કહ્યું. બાકી પારિણામિક તો પરમાણુમાંય હોય. તેથી ખરેખર 'પરમ પારિણામિકભાવ એટલે પરમજ્ઞાયકભાવ'. એ રૂપી જે તત્ત્વ સત્ છે એ તો અખંડ છે. પરમ પારિણામિક સ્વભાવભાવ એવો જ્ઞાયક, પારિણામિકભાવ ન કહેતાં કેમકે પારિણામિકભાવ તો પરમાણુમાં પણ પારિણામિકભાવ છે પણ આ પારિણામિક સહજ જ્ઞાયકભાવ જ્ઞાનની પ્રધાનતાથી એને જ્ઞાયકભાવ કહે છે પણ છે તો અનંતગુણનો પિંડ.

✿ સહજ સ્વભાવ સહિત તે પારિણામિકભાવ. એમાં પર્યાય નહિ અને કંઈ બગાડ કે સુધાર એમાં કાંઈ નથી. એ તો પવિત્ર અખંડાનંદ પ્રભુ એકરૂપ શુદ્ધ છે.

✿ પારિણામિકભાવ તે અસંગ તત્ત્વ, તે તત્ત્વની પર્યાયમાં ગમે તેટલો કાળ ગયો, અને ગમે તેટલા મિથ્યાત્વના વિભાવ આદિ થયા છતાં એ તો અખંડ છે.

✿ એકરૂપ જ એ વસ્તુ રહી છે. પરમ પારિણામિકભાવ. જેમાં ચાર

ભાવનો પ્રવેશ નથી. અને ચાર ભાવને તે દ્રવ્ય, અડતુંય નથી. રાગ ને પણ તે દ્રવ્ય અડતું નથી. કેવળજ્ઞાન થાય તો પણ દ્રવ્ય તે કેવળજ્ઞાનની પર્યાયને છૂતું (અડતું) નથી.

✿ દુ:ખની અવસ્થાનો અર્થ–દુ:ખની અવસ્થા હતી ત્યારે હતી પછી એમાં ગઈ ત્યારે દુ:ખ અવસ્થા રહી નહીં. પણ યોગ્યતા રહી ગઈ અહીં. એ યોગ્યતા એટલે છે તો પારિણામિકભાવ અંદર.

✿ પરમ તત્ત્વ જે શુદ્ધ વસ્તુ પરમ પારિણામિક સ્વભાવભાવ-જ્ઞાયકભાવ-નિજ પરમાત્મદ્રવ્ય જે છે વસ્તુ. નિજ પોતાના પરમાત્મદ્રવ્ય જે વસ્તુ એ તો શુદ્ધ છે. ત્રિકાળ એકરૂપ છે શુદ્ધ. એની અંદરમાં ક્ષયોપશમ આદિ ભાવો નથી. એ સ્વરૂપની અંદર. એમ કહે છે. ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવ, ઉપશમભાવ, ઉદયભાવ-એ ચાર ભાવ છે તે પર્યાયના છે. જેનું શુદ્ધ ત્રિકાળી સ્વરૂપ ભગવાન આત્મા, કોઈપણ પોતાના ત્રિકાળી સ્વરૂપને છોડતા નથી.

✿ પરમ પારિણામિક સ્વભાવભાવ-ત્રિકાળી જ્ઞાયકભાવ એ પ્રત્યક્ષ પ્રતિભાસમય (પ્રતિભાસમાન) અવિનશ્વર, જેમાં પલટો ય નથી એવું અવિનાશી વસ્તુ જે છે એ શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ શુદ્ધ સહજ સ્વભાવ એવો પરમભાવ એ જેનું લક્ષણ એવું જે નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. તેમાં ક્ષયોપશમ આદિ ભાવ તે પણ હું નહીં.

✿ વસ્તુ છે આખી પરમાત્મસ્વરૂપ જ પોતે. ભલે શક્તિરૂપ છે પણ પરમાત્મા છે પોતે. વ્યક્તરૂપે પર્યાયમાં કાર્યરૂપે થાય એ કારણ પરમાત્મા છે. સદા (નિરાવરણ) અખંડ, એક, પરમ, અવિનાશી, અવિ-નશ્વર, પરમ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું.

✿ કેવળજ્ઞાન ઝળહળજ્યોતિ ત્રણકાળ, ત્રણલોક એ એક સમયમેં જાણે ઐસી પર્યાય આત્મદ્રવ્યસે પ્રગટ હોતી હૈ. અંદરમેં શક્તિરૂપ થી, સત્તામેં પારિણામિકભાવરૂપે ગુણ થા ઉસમેં. આવો ભગવાન.

✿ આદિ નહીં, અંત નહીં ઐસા પ્રભુ, અનાદિ અનંત, ધ્રુવ, નિત્યાનંદનાથ-ઐસા જો આત્મા-પરમપારિણામિકભાવરૂપ અખંડ એકભાવ-પરમ પારિણામિક અર્થાત્ પરમ સહજાત્મસ્વરૂપ, સહજ

સ્વરૂપ-ત્રિકાળી, જેમાં પલટા નહીં, જેમાં રાગ નહીં. જેમાં સંયોગ નહીં, એવો જે સહજ સ્વભાવ ઉસકો યહાં પારિણામિક કહતે હૈ, સહજ પરમ પારિણામિકભાવરૂપ ભગવાન, અખંડ એક ભાવ.

✿ ધર્મી જીવ, ધર્મની દૃષ્ટિને ઉસકો આ અખંડ આત્મા પરમ સ્વભાવભાવ વો દૃષ્ટિમેં આતા હૈ. યહ પરમ પારિણામિક કહો કે સામાન્ય સ્વભાવ કહો કે જ્ઞાયકભાવ કહો, સદૃશ્યભાવ કહો, ધ્રુવભાવ કહો, નિત્યભાવ કહો, એકરૂપ ભાવ કહો.

✿ ભગવાન અંદર ધ્રુવ સ્તંભ પડા હૈ. વજના જેમ સ્તંભ હોતા હૈ ઐસા ભગવાન ધ્રુવ સ્તંભ અંદર પડા હૈ. ઈસકા આશ્રય લેનેસે, દૃષ્ટિમેં ઉસકો સ્વીકાર કરનેસે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હોગા, ધર્મની શરૂઆત આગે હોગી. પારિણામિકભાવ ત્રિકાલ હૈ. ઉસકો યહાં અપરિણામી કહનેમેં આયા હૈ. ત્રિકાળી જ્ઞાયકભાવ હૈ ઉસકો યહાઁ અપરિણામી કહનેમેં આયા હૈ. ક્યોંકિ પર્યાયરૂપ હોતા નહીં એ અપેક્ષાસે. એ નિશ્ચયનયની અપેક્ષાસે ભગવાન ત્રિકાળી જ્ઞાયકભાવ-એ સમ્યગ્દર્શનકા વિષય-ઉસકો યહાં અપરિણામી જ્ઞાયકભાવ કહનેમેં આયા હૈ. પ્રમાણની અપેક્ષાસે માત્ર આત્મા અપરિણામી પારિણામિક ભાવસ્વરૂપ જ્ઞાયકભાવરૂપ એકલા હૈ, ઐસા નહીં હૈ. અપરિણામી અને પરિણામી દો હી હૈ. પ્રમાણની અપેક્ષાસે નહીં પલટનેવાલા અપરિણામી દ્રવ્ય ભી હૈ ઔર પર્યાય પલટતી હૈ યે ભી હૈ યહ પ્રમાણકા વિષય હૈ. અપરિણામી સ્વભાવ હૈ ઉસ પર દ્રષ્ટિ દેનેસે પરિણામ આશ્રય લેતે હૈ તો પરિણામકા લક્ષ રહતે નહીં. ઔર પરિણામકા લક્ષ રહતે નહીં તો પરિણામ ગૌણ કહનેમેં આતા હૈ. પર્યાય ઉપર ઉપર રહેતી હૈ. અંદરમેં પ્રવેશ નહીં કરતી. ચાહે તો કેવળજ્ઞાનકી પર્યાય હો વો ભી અંદરમેં પ્રવેશ નહીં કરતા. અબ પ્રવેશ નહીં કરતી કા દો અર્થ હૈ. એક વર્તમાન પર્યાય વો પ્રવેશ નહીં કરતી. પણ પહેલી પર્યાય થી એ અંદર ગઈ તો પારિણામિકભાવરૂપે થઈ ગઈ. ઔદાયિકભાવ વિલય હો ગયા તો વો કાંઈ સત્-અસત્ થઈ જાય? વો સત્ થા, વો ચીજ જો સત્ થા વો તો ઉસકે અંદરમેં જાતે હૈ. ઉદય, વિકાર નહીં જાતે હૈં. પણ ઐસી યોગ્યતા દ્રવ્યસ્વભાવમેં જાતે પારિણામિકભાવ

હો ગયા. ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ઔદાયિકભાવ યે તો પર્યાય હૈ અને પર્યાય એક સમયકી મુદત હૈ. અને એક સમયકી પર્યાય પલટતી હૈ તો જાતી હૈ અંદરમેં, અને અંદરમેં જાતી હૈ ઉસ સમય પારિણામિકભાવ હો જાતા હૈ.

✿ ભક્તિ : આદિ રહિત, અંત રહિત, ભિન્ન પરદ્રવ્ય, પરભાવ (૨)
સંકલ્પ વિકલ્પ જાળ નહિ મુજમાં, પરમ પારિણામિક ભાવા.

✿ 'મૈં ધ્રુવ હૂં,' જુઓ પર્યાય નહિ. 'મૈં ધ્રુવ હૂં, નિત્ય રહેનેવાલા હૂં, યે મૈં હૂં', યે માનતી હૈ પર્યાય પણ માનતી હૈ કિ મૈં તો ધ્રુવ હૂં. યે 'સમ્યક્દર્શનકી પર્યાય એ ઈતના મૈં હૂં' ઐસે (નહીં)—'મૈં તો ધ્રુવ હૂં' એમ પર્યાય માનતી હૈ.

✿ 'મૈં તો ત્રિકાળી કારણ પરમાત્મા એ મૈં હૂં'. એ ત્રિકાળ શક્તિઓનો ભંડાર ભગવાન તે કારણ પરમાત્મા. તે ધ્રુવ મૈં હૂં. સમ્યગ્દષ્ટિ જીવ અપનેકો પર્યાય પૂરતી નહીં માનતે. મૈં તો ધ્રુવ હૂં. પરમ પારિણામિક સહજ સ્વભાવ ત્રિકાળ જેમાં કર્મનાં નિમિત્તની અપેક્ષા નહીં. નિમિત્તના અભાવની અપેક્ષા નહીં. ઐસા જો ત્રિકાળી પરમ સ્વભાવભાવ, પરમ પારિણામિક સ્વભાવભાવ તે મૈં હૂં.

✿ પરમાત્મ સ્વરૂપ એટલે પરમ સ્વરૂપ પરમ સ્વરૂપ પરમ પારિણામિક પરમ સ્વરૂપ એ પરમાત્મ સ્વરૂપ. સ્વભાવ જ પરમાત્મા હૈ. શક્તિ કહો કે સ્વભાવ કહો કે સામર્થ્ય કહો ઉસમેં પરમાત્મસ્વરૂપ જ સામર્થ્યમાં હૈ. એને તું પકડ.

✿ પરિણમન છે પરિણમનનું. પણ એ ગુણ ધ્રુવ રહીને પર્યાય થઈ છે એટલે કહેવાય એમ. ભાષા શું થાય? અપરિણામ છે એ દ્રવ્ય ગુણ. પર્યાયનો પરિણામી પર્યાયનું. ગુણમાં બે નહિ. ગુણ અપરિણામી જ છે. એ ગુણ ગુણ તો અપરિણામ ધ્રુવ સદશ્ય એકરૂપ છે. પરિણામી સ્વભાવ પર્યાયને છે એમ પરિણામી કહેવું છે. ત્રિકાળ સ્વભાવ નહિ. એક સમયની પર્યાય. પરમ પારિણામિકભાવ આદિ પરમ પારિણામિક એટલે કે પરિણમે એમ ત્યાં એવું કહેવું નથી. પરમ પારિણામિક એટલે સહજ સ્વભાવભાવ પરમ સ્વભાવ એ પારિણામિક.

✿ ખરેખર યદિ દ્રવ્ય એટલે વસ્તુ. ભગવાન વસ્તુ, ત્રિકાળી દ્રવ્ય-દ્રવ્ય. એના થોડા ભાગમાં અશુદ્ધતા આવે. દ્રવ્યકા થોડા ભી ભાગ અશુદ્ધ હો જાય તો અશુદ્ધતા કભી નીકલેગી નહીં. દ્રવ્ય વસ્તુ જો તો દ્રવ્યપને જો કાયમ સે હી ઉસમેં અશુદ્ધ હો તો કાયમ રહેગી. કારણ કે એ તો પલટતી નહીં. વસ્તુ તો ત્રિકાળ કાયમ એકરૂપ હૈ.

✿ અશુદ્ધતાકી પર્યાય હૈ ને? તો નાશ હોતી હૈ તો દ્રવ્યમેં પેસતી હૈ. અશુદ્ધતા નહીં પેસતી અંદર. એની યોગ્યતા ત્યાં પારિણામિકભાવે. દ્રવ્ય તો શુદ્ધ રહેતા હૈ. પર્યાય જે અશુદ્ધ હૈ ને વ્યય હોતા હૈ, વ્યય હોકર, સત્ હૈ ને વો! તો અંદરમેં ગઈ. અંદરમેં ગઈ તો અશુદ્ધતા નહીં હૈ ત્યાં. એ તો પૂર્ણ શુદ્ધ હી હૈ.

✿ પંચમભાવની આગળ ક્ષાયિકભાવની પર્યાય ભી જિસમેં નહીં, ક્ષાયિકભાવકી પર્યાયકી ભી ભાવના નહીં. ચાર ભાવકી ભાવના નહીં. ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ, ઉદયકી ભાવના નહીં.

✿ પરમ પારિણામિક એટલે કે અપરિણામી એમ. પરમ પારિણામિકનો અર્થ પરમ સહજ સ્વભાવ. પણ એને જ્યારે એમ કહેવું હોય કે અપરિણામી છે (એટલે) પર્યાયમાં આવતો નથી. પર્યાયપણે પરિણમતો નથી. પારિણામિક ભાવને જ અપરિણામી કહેવામાં આવે છે.

✿ એ ભગવાન પરમ પારિણામિકભાવ. પરિણામિક કેમ? એ સહજ સ્વભાવ છે એટલે. નહીંતર છે તો એ અપરિણામિક ભાવ.

✿ અરે! મિથ્યાત્વની પર્યાય જે છે મહાતીવ્ર મિથ્યાત્વ એ વ્યય થાય છે તે એ પર્યાય અંદરમાં જાય છે. ભ્રમણાની નહિ પણ એની યોગ્યતા અંદરમાં જાય છે. એ પણ ત્યાં સહજ સ્વભાવરૂપે થઈ જાય છે. તીવ્ર જે મિથ્યાત્વ છે એનો વ્યય થાય છે. તો વર્તમાનમાં વ્યય થઈને જાય ક્યાં પણ? અંદરમાં જાય છે. મિથ્યાશ્રદ્ધા અંદરમાં જતી નથી. પણ મિથ્યાશ્રદ્ધાની જેટલી યોગ્યતા છે તે અંદરમાં જાય છે અને અંદરમાં ગઈ હોય તે તો આંહી હતો ઉદયભાવ, અંદરમાં ગયો તો ત્યાં થઈ ગયો પારિણામિકભાવ. એવડો ને એવો છે એમ કીધું ને. એવા મિથ્યાત્વ ગયા ને અંદર. પણ તું તો એવો ને એવો છો.

✿ વર્તમાન જે કાર્ય છે તે ત્રિકાળી દ્રવ્યને આશ્રયે કારણરૂપ પરમાત્મા-કારણ પરમાત્મા પોતે છે. તે કારણ પરમાત્માના આશ્રયે જ વર્તમાન પર્યાયનું કાર્ય થાય છે.

✿ શુદ્ધભાવ એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવ-ધ્રુવભાવ-પરમ પારિણામિક-ભાવ-એને શુદ્ધભાવ ત્યાં કહ્યો છે. એ શુદ્ધભાવમાં તો ક્ષાયિકભાવ પણ નથી માટે ક્ષાયિકભાવનું પણ અવલંબન નથી.

✿ પારિણામિકભાવને અપરિણામી કહેવો. આ શું છે ? પારિણામિક તો કેમ કહ્યો? કે સહજ સ્વરૂપ ત્રિકાળ પડ્યું છે માટે પારિણામિક કહ્યો અને એને અપરિણામી કેમ કહ્યો? એ પલટતો નથી. પર્યાયમાં આવતોનથી. માટે તેને અપરિણામી કહ્યો.

✿ આત્મામાં રાગ-દ્વેષ થાય તેનેય પારિણામિકભાવ કહ્યો છે, પરમ પારિણામિક નહીં.

✿ આત્મામાં કેવળજ્ઞાન થાય એ પણ પારિણામિકભાવ કહ્યો છે. છે ક્ષાયિક. પણ એ ત્રિકાળી પારિણામિકભાવની પર્યાય છે માટે એને પારિણામિક કહ્યો. પણ વસ્તુ છે તે પરમ પારિણામિકભાવ છે.

✿ ત્રિકાળી જે સહજ સ્વરૂપ ભગવાન પંચમભાવ, ચાર ભાવ જે—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ પર્યાય છે. આ છે તે પરમ પાવન સ્વભાવ છે. પૂજનીય છે. એક ત્રિકાળી જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ એ પૂજનીય છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે. સાચું મુનિપણું આવે છે.

✿ પરમ પારિણામિક એટલે સહજ સ્વભાવ જેને કર્મના નિમિત્તની અપેક્ષા નથી. અને જેને કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા નથી.

✿ દ્રવ્ય એટલે અખંડ પરિણમન સ્વભાવભાવ જે પર્યાય પણ એનામાં નથી. એનામાં અનંતા ગુણો શક્તિ સ્વભાવ ધ્રુવપણે છે પણ તેમાં પર્યાય ક્ષાયિકની કે કેવળજ્ઞાનની પર્યાય પણ તે દ્રવ્યમાં નથી.

✿ જેને ત્રિકાળી કારણ પરમાત્મા કહો, પરમસ્વભાવરૂપ કહો, દ્રવ્ય કહો, એવું જેણે તો પર્યાયમાં માન્યું તેનું પર્યાયનું કાર્ય નિર્મળ આવ્યા વિના રહે જ નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)